# વ્યાકરણ-લેખન : લેખન–રૂઢિવિષયક સજ્જતા

લખાણમાં કઈકઈ બાબતોની કાળજી રાખવી જોઈએ કે જેથી તે સ્પષ્ટ અર્થ દર્શાવનારું, સંવાદી અને શુદ્ધ બને તે માટેની મહત્ત્વની થોડી બાબતો અહીં જોઈએ :

- **શબ્દઘટકો લખવાની રૂઢિ :**

★ વાક્યમાં આવતો ભારદર્શક શબ્દ 'જ' હંમેશાં છૂટો લખવો.

**દા.ત. :** રમેશ જ આ કામ કરશે.

હું સુરત જઈશ જ.

આજે વરસાદ પડવો જ જોઈએ.

(તેમજ અને ભાગ્યેજ માં 'જ' ભેગો લખાય છે.)

★ વાક્યમાં આવતો ય-યે જ્યારે 'પણ'ના અર્થમાં વપરાય ત્યારે તેને શબ્દ સાથે જોડીને લખવો.

**દા.ત. :** કરશનકાકાયે આવે, તમેય આવજો.

બાળકો તો દફતરેય લાવશે.

★ વિભક્તિના પ્રત્યયો શબ્દની સાથે જોડીને લખવા.

(હિન્દીમાં આવા પ્રત્યયો જુદા લખાય છે.)

**દા.ત. :** ખેતર**માં** ઢોર બાંધેલાં છે.

તેણે કૂવા**માંથી** પાણી કાઢી**ને** બધાં**ને** પાયું.

મોટાંઓ**એ** નાના**ની** વાતો ધ્યાન**થી** સાંભળવી જોઈએ.

★ નામયોગી છૂટાં લખાય છે.

**દા.ત. :** લીમડા **નીચે** એક ખાટલો પડ્યો છે.

ઘર **પાસે** એક નાનકડું મંદિર હતું.

ગામ **નજીક** એક સુંદર ટેકરી હતી.

★ દ્વિરુક્તિવાળા શબ્દો ભેગા લખવા.

**દા.ત. :** તમતમારે, જુદાજુદા, સાથોસાથ, દૂરદૂરથી, ભાતભાતના, કેટકેટલું, વારંવાર, જેમતેમ વગેરે

★ સામાસિક પદો ભેગાં લખવાં.

**દા.ત. :** આજકાલ, નાનાંમોટાં, માબાપ, લાંબુંટૂંકું, હારજીત, જીવનયાત્રા, સીતારામ, રામબાણ, મંદસ્વરે, આવજા, ઉપરનીચે વગેરે

પણ ક્યાંક શબ્દ લાંબો જણાય ત્યાં વચ્ચે લઘુરેખા મૂકી શકાય.

**દા.ત. :** વેપાર-વણજ, આસમાની-સુલતાની, ધંધા-રોજગાર વગેરે

★ સંયુક્ત કે સહાયકારક ક્રિયાપદ છૂટાં લખવાં.

**દા.ત. :** તે વાંચતો હતો.

બળદને રસ્તા પર **બાંધી** દીધો.

કાલે પરીક્ષા છે એટલે હું **વાંચતો** હોઈશ.

તેઓ ઘરમાં **બેઠાં** હશે.

★ -વશાત્, -પૂર્વક, -વત્, -વિષયક વગેરે જે શબ્દની પાછળ આવે તે શબ્દ સાથે જોડીને લખવા.

**દા.ત. :** મેં ભારપૂર્વક સૌને આ વાત કરી.

આજે તેણે વિધિવત્ પૂજન કર્યું.

સંજોગવશાત્ બસ સમયસર આવી ગઈ.

આ મુદ્દો વ્યાકરણવિષયક છે.

★ તોપણ અને જોકે ભેગા લખવા.

**દા.ત. :** હું નહિ આવું તોપણ તેઓ આવશે.

જોકે તે સારા ગુણે પાસ થઈ ગયો છે.

★ જેમ કે, કેમ કે, કારણ કે માં 'કે' જુદો લખવો.

- **કાગળ ઉપર લખતી વખતે રાખવાની કાળજી**

**1. હાંસિયો :** કાગળમાં ડાબી બાજુએ ત્રણ સેમી જેટલી જગ્યા છોડીને લખાણ કરવું. જેથી કાગળને ફાઈલ કરવામાં, સ્ટેપલિંગ કરવામાં કે નાની નોંધ કરવામાં સરળતા રહે છે.

**2. પરિચ્છેદ-ફકરા પ્રારંભ :** લખાણના દરેક પરિચ્છેદની પ્રથમ પંક્તિ હાંસિયાથી એક-દોઢ સેમી જગ્યા છોડીને લખવી.

**3. પરિચ્છેદમાં પેટાલખાણ :** કોઈ પણ પરિચ્છેદમાં સ્વતંત્ર લીટીમાં મુકાતાં ગદ્ય કે પદ્યનાં અવતરણ, સંવાદ વગેરે હાંસિયાથી એક-દોઢ સેમી જગ્યા છોડીને લખવાં.

**4. શીર્ષક, પેટાશીર્ષક :** લખાણનું શીર્ષક લખાણના અક્ષરોથી મોટા અક્ષરે અને ઉપલબ્ધ જગ્યાની બરાબર વચ્ચે લખવું. લખાણમાં મુદ્દાઓ જુદા પાડવા માટે આપેલા પેટાશીર્ષકોના અક્ષરો મુખ્ય શીર્ષકના અક્ષરોથી થોડા નાના રાખવા અને લખાણના અક્ષરોથી મોટા રાખવા. તેને ક્રમ નંબર તથા યોગ્ય નિશાનીઓથી જુદા પણ પાડી શકાય. શીર્ષક પછી પૂર્ણવિરામ ન મૂકવું, પણ જરૂરિયાત પ્રમાણે આશ્ચર્યચિહ્ન કે પ્રશ્નચિહ્ન મૂકી શકાય.

**5. શબ્દગુચ્છ :** જ્યારે આપણે કથન કરતાં હોઈએ ત્યારે શબ્દોને સળંગ બોલીએ છીએ; પરંતુ લખતી વખતે દરેક શબ્દની વચ્ચે જગા રાખીએ છીએ. ઘણી વખત લખાણમાં આપણે બે શબ્દો (પદો) છૂટા લખીએ છીએ અને ઘણી વખત એ બે શબ્દોને એક કરીને પણ ઉપયોગમાં લઈએ છીએ. જુઓ,

(1) એમનું **ઘર જમાઈ**ની કમાણીથી ચાલતું હતું.

માયા માટે **ઘરજમાઈ** રહે એવો મુરતિયો એ જાતે જ શોધશે.

(2) **અનાજ બજારમાં**થી લઈ આવવાનું હતું.

કૅમ્પની **અનાજબજારમાં** ખીજડિયા હનુમાન પાસે તે પંચાળની વાતો કર્યા કરતા. (આંસુભીનો ઉજાસ)

(3) **ગીધ દૃષ્ટિ** કરીને જોવા લાગ્યું.

**ગીધદૃષ્ટિ** ગિધુભાઈ અને મીનીદૃષ્ટિ મેનાબહેન તે દેખી ગયાં. (ઉછીનું માગનારાઓ)

આ ત્રણેય વાક્યગુચ્છોમાં એ બે શબ્દોને છૂટા લખ્યા છે, જ્યારે બીજા વાક્યમાં એ બે શબ્દોને ભેગા લખીને તેનો સમાસ કર્યો છે. બે-ત્રણ શબ્દો જોડાઈને સમાસ બને છે ત્યારે સાથે લખાય છે, પણ જ્યારે આ શબ્દો છૂટા લખાય છે ત્યારે તેનો અર્થ પણ જુદો બને છે. તે વાંચવાથી તમને સમજાઈ જશે. હા, કોઈ શબ્દ સમાસ બને પણ તે લાંબો જણાય તો વચ્ચે લઘુરેખા મૂકવી.

– **સસરો-જમાઈ** કંઈક ને કંઈક પ્લાનિંગ કર્યા કરે.

– તેઓની શક્તિ પરમેશ્વર જેવી **અનંત-અમાપ** નથી. (ઈશ્વર સર્વવ્યાપી)

– **ભાઈ-ભગિની** ભેળાં બેસી સુખનો હીંચકો ખાતાં. (બા એકલાં જીવે)

તમે જ્યારે વાચન કરો ત્યારે આવા શબ્દો વિશે પણ થોડું વિચારતાં જશો એટલે સરળતાથી સમજાઈ જશે.

- **કાળ અને કથનશૈલી**

આપણે જ્યારે કોઈ ઘટનાનું મૌખિક વર્ણન કરતાં હોઈએ કે તેને કાગળ ઉપર નિરૂપતાં હોઈએ ત્યારે તેના સમય-કાળને કેન્દ્રમાં રાખવો જોઈએ. સમયબિંદુનો ખ્યાલ રાખીને જ બધાં વાક્યો બોલવાં કે લખવાં જોઈએ. સમયગાળો એ જ હોય અને દરેક પરિચ્છેદનાં વાક્યોમાં અલગ-અલગ કાળ રજૂ ન થઈ જાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. જુઓ,

(1) આજે એક વિશાળ વડની ઘટા નીચે ધર્મશિક્ષણનો વર્ગ બેઠો **હતો**. શિક્ષકે ગઈ કાલે પ્રશ્ન કરનાર વિદ્યાર્થીને **કહેલું**, ''તમારો પ્રશ્ન શો **છે** ?''(ઈશ્વરનું સ્વરૂપ)

(2) તે ચાલીના નાનકડા ફળિયામાં ખાટલો ઢાળી સૂતો હતો, એ રીતે જ તે અહીં સૂતો છે. બા પડખે બેસીને તેના બરડા પર હાથ ફેરવતી મેરુપરને યાદ કરીને કેટલીય વાતો કરતી હશે. બાનું ગોરું મોં એ વખતે રતાશ પકડી જાય છે. એનો પડછંદ દેહ જાણે એ પથરાળ ભૂમિમાં હડિયાપાટી કરવા તલસી રહ્યો હોય એવું લાગતું હશે ને ત્યારે આખા દિવસનો થાક ઊતરી જાય છે. (આંસુભીનો ઉજાસ)

આ બંને પરિચ્છેદમાં રહેલાં વાક્યોને જો છૂટક-છૂટક તપાસશો તો વાક્ય સ્વતંત્ર રીતે સાર્થ લાગશે. પણ આખાય પરિચ્છેદને સમગ્ર રીતે જોશો તો બે વાક્યો વચ્ચે રહેલો કાળભેદ અર્થ પામવામાં અડચણરૂપ થશે.

હવે, આ બંને પરિચ્છેદ પુસ્તકમાં કઈ રીતે લખાય છે તે જોઈ જશો એટલે સમજાઈ જશે.

સામાન્ય રીતે રેખાચિત્ર, નવલકથા, આત્મકથા, જીવનકથા, અહેવાલ, નવલિકા વગેરે સર્જનોમાં ભૂતકાળ વપરાય છે. જો આદતો કે ગુણલક્ષણનું વર્ણન હોય તો અપૂર્ણ અવસ્થાવાચી 'ત' પ્રત્યયવાળાં ક્રિયાપદો મુકાય છે. જો ઘટનાઓ હોય તો પૂર્ણ અવસ્થાવાચી 'ય' પ્રત્યયવાળાં ક્રિયાપદો મુકાય છે. હા, વાર્તા, નવલકથા વગેરેમાં રજૂઆત ભૂતકાળની હોવા છતાં સંવાદો એ સમયના વર્તમાનકાળને રજૂ કરે છે માટે ત્યાં વર્તમાનકાળ વપરાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પરિચ્છેદમાં કાળ અને અવસ્થાની રજૂઆત યોગ્ય છે કે કેમ તે નક્કી કરો. યોગ્ય ન હોય તો તેને યોગ્ય રીતે રજૂ કરો :**

– દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતરે ત્યારે એને સૌ પહેલાં એની બાની યાદ આવે છે. અઢાર વર્ષ પહેલાં બા આ સ્ટેશને તેને વળાવવા આવી છે. તેની આંખો રાતીચોળ થઈ ગઈ અને તે ભગવાનજીભાઈને કહેતી હશે : 'તમે આ છોકરાને ભણતરના રવાડે કાં ચડાવ્યો છે ?'

– છોકરો હવે મોટો થયો છે. પોતે જેલમાં ગયો ત્યારે જરાજરા ચાલતાં શીખ્યો હશે. રાવજીના જનમ પછી જ પોતે પેલા ભાષણમાં ગયો એય સારું થયું હોત. નહીંતર કોને ખબર... ગાંધીજીની ઘણી ઘણી વાતોમાં આયે આવી જાય છે, બ્રહ્મચર્યની. જો કે મણિભાઈને એ પેલી અહિંસા કરતાં વધારે આકરું લાગશે.

**2. નીચેનાં વાક્યોને લેખનરૂઢિની દૃષ્ટિએ સુધારી ફરી લખો :**

(1) મારે તમને જમાડીને પછી તેજ સ્થળે બેસાડવા છે.

(2) ગામનજીક એક મોટો વડ શાંત સાધુની જેમ ઊભો હતો.

(3) કૂવામાંથી સીંચી ને બળદોને, ગાયોને પાણી પાયું.

(4) ભલે તેજ આવે તમે ય આવજોને.

(5) તે ઘરમાં બેઠો બેઠો હીંચકે હીંચે છે.

(6) તે ગરમ થઈ ગયો અને ભારપૂર્વક જ બોલ્યો.

(7) વાદળાં થાયને વરસાદજ ન પડે એવું તો હોય!

(8) મોટાં એ સૌથી નાના છોકરા ની વાત સાંભળતાંજ ન હોતા.

(9) આ દુનિયા ના શાણાઓ ના દુનિયાદારી જાણે.

(10) અબળા રહીને રહ્યો ઓલિયો, એનું ગીતકવિ જન હજુ યે ગુંજે!

(11) ધ્રુવ ને લાગ્યાં, પ્રહ્‌લાદને લાગ્યાં, તે ઠરીને બેઠારે ઠેકાણે...

(12) તું મોહન ના મુખપર મ્હાલે, તુ જ વિના નાથને નવચાલે.

**3. નીચેનાં વાક્યોમાં જે પદોનો સમાસ થતો હોય તેને એકસાથે મૂકી વાક્ય ફરીથી લખો :**

(1) દરિયા કાંઠે દીવાદાંડી રાત્રે ભૂલેલાં ભટકેલાંને રસ્તો ચીંધે.

(2) મોટાં ભાઈ બહેન નાના ભાઈને ઘેર આવ્યાં હતાં.

(3) આગ ગાડીમાંથી ઊતરીને તરત જ પત્ર ટપાલ પેટીમાં નાખી દીધો.

(4) દયા પ્રીતમને પૂરણપ્યારી; તુંને અળગી ન મૂકે મુરારિ.

(5) ઘડી બ ઘડી જે મળી – નયન વારિ થંભો જરા.

•